# યુનિવર્સિટી ન્યૂઝ

## મુલાકાત



કવિ શ્રી ઉશનસ્‌ના ઘરે તેમના અવસાનના પંદરેક દિવસ પહેલાં રૂબરૂ શુભેચ્છા મુલાકાત લઈ તેમને ડિલીટ્‌ની પદવી એનાયત કરવાની જાણકારી કુલપતિ ડૉ. દક્ષેશ ઠાકરે આપી હતી તે તસ્વીર.

## ટુર્નામેન્ટ

બરકતુલ્લા યુનિવર્સિટી, ભોપાલ મુકામે આંતર યુનિવર્સિટી કબડ્ડી (ભાઈઓ)ની ટુર્નામેન્ટમાં ભાગ લેવા જનાર ટીમનો શુભેચ્છા સમારંભ યુવક કલ્યાણ અને શારીરિક શિક્ષણના સહાયક નિયામકશ્રી કપિલદેવ શુકલાના પ્રમુખ પદે યુનિવર્સિટી પરિસર ખાતે યોજાયો હતો. સહાયક નિયામકે યુનિવર્સિટીનું નામ રમત-ગમત ક્ષેત્રે કિર્તિમાન કરવા ખેલાડીઓને શુભેચ્છા પાઠવી, યુનિવર્સિટી ટીમમાં પસંદગી પામનાર ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતાં. યુનિવર્સિટીના કોચશ્રી આર. સી. ભાલાવાલાએ ખેલાડીઓનો પરિચય કરાવી આભારવિધી કરી હતી. આ ટીમના કોચ શ્રી શાંતારામ ભોયા અને મેનેજર તરીકે પ્રો. કેતન નિઝામા સેવા આપી રહયા છે. ટીમ : ૧) શ્રી ગામીત કિરીટ એસ., ૨) શ્રી ચૌધરી વિજય એમ., ૩) શ્રી વસ્વા અમીત આર., ૪) શ્રી કોકાની રઘુભાઈ વી., ૫) શ્રી ચૌધરી કાર્તિક એ., ૬) શ્રી ગામીત વિનેશ એસ., ૭) શ્રી ગામીત મૃગ્રેશ વી., ૮) શ્રી સાવલીયા ચિંતન આર., ૯) શ્રી ચૌધરી રાહુલ એસ., ૧૦) શ્રી યાદવ વિજય જી., ૧૧) શ્રી રાણા દિવ્યેશ કે., ૧૨) શ્રી ચૌધરી ધર્મેશ આર.



બનાસ્થલી યુનિવર્સિટી મુકામે આંતર યુનિવર્સિટી બાસ્કેટબોલ (બહેનો)ની ટુર્નામેન્ટમાં ભાગ લેવા જનાર ટીમનો શુભેચ્છા સમારંભ યુવક કલ્યાણ અને શારીરિક શિક્ષણના સહાયક નિયામકશ્રી કપિલદેવ શુકલાના પ્રમુખ પદે યુનિવર્સિટી પરિસર ખાતે યોજાયો હતો. સહાયક નિયામકે યુનિવર્સિટીનું નામ રમત-ગમત ક્ષેત્રે કિર્તિમાન કરવા ખેલાડીઓને શુભેચ્છા પાઠવી, યુનિવર્સિટી ટીમમાં પસંદગી પામનાર ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા. યુનિવર્સિટીના કોચશ્રી આર.સી. ભાલાવાલા અને મેનેજર તરીકે શ્રી અમીત પટેલ સેવા આપી રહયા છે. ટીમ : ૧) કુ. શાહ ચારુ આર., ૨) કુ. સિંગાપુરી રોશની આર., ૩) કુ. તોલકર હેમાંલી એ., ૪) કુ. ચાલકવાલા રિન્કી એન., ૫) કુ. જૈન શ્રેયા એસ., ૬) કુ. જાજો સ્વેતા આર., ૭) કોઠારી અનુશ્રી એમ., ૮) કુ. શરાફ આંચલ પી., ૯) કુ. લાઠીડલીયા ગૌરી ડી., ૧૦) કુ. પરમાર સંગીતા એ., ૧૧) કુ. ટેલર રૂપલ ડી., ૧૨) કુ. ચૌધરી વૈશાલી આર.



પંજાબ યુનિવર્સિટી, પતીયાલા મુકામે આંતર યુનિવર્સિટી આર્ચરી (ભાઈઓ/બહેનો)ની ટુર્નામેન્ટમાં ભાગ લેવા જનાર ટીમનો શુભેચ્છા સમારંભ, યુવક કલ્યાણ અને શારીરિક શિક્ષણના સહાયક નિયામકશ્રી કપિલદેવ શુકલાના પ્રમુખ પદે યુનિવર્સિટી પરિસર ખાતે યોજાયો હતો. સહાયક નિયામકે યુનિવર્સિટીનું નામ રમત-ગમત ક્ષેત્રે કિર્તિમાન કરવા ખેલાડીઓને શુભેચ્છા પાઠવી, યુનિવર્સિટી ટીમમાં પસંદગી પામનાર ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા. યુનિવર્સિટીના કોચશ્રી આર. સી. ભાલાવાલાએ ખેલાડીઓનો પરિચય કરાવ્યો હતો અને આભારવિધી કરી હતી. આ ટીમને કોચશ્રી રાજેષ ટેલન્ગાએ કોચીંગ આપ્યું હતું અને મેનેજર તરીકે પ્રો. ભાવેશ દેવતા સેવા આપી રહયા છે. ટીમ : ૧) શ્રી ઢોલકા ધવલુભાઈ કે., ૨) શ્રી રાજપૂર જીતેન્દ્ર એલ., ૩) શ્રી આહિર હિતેન એન., ૪) શ્રી આહિત ગિરિશ ડી., ૫) કુ. શેટા પ્રિટી કે., ૬) કુ. પટેલ સારિકા પી., ૭) કુ. પટેલ ધર્મિષ્ઠા એસ.



## ગુજરાતી વિભાગ

દિવાળી અને નવા વર્ષની ભેટ તરીકે નર્મદ યુનિવર્સિટીને રાજય સરકાર દ્વારા અલગ ગુજરાતી વિભાગની પરવાનગી આપી દેવામાં આવી છે. સને ૨૦૦૪માં દક્ષિણ યુનિવર્સિટીના કુલપતિ તરીકે પદભાર સંભાળનાર ડૉ. દક્ષેશ ઠાકરે ગુજરાતી વિભાગ માટે છેલ્લા મહિનાઓમાં સચિવાલયથી માંડી મંત્રાલયમાં ગુજરાતી વિભાગ માટે ધૂણી ધખાવી હતી. જેનાં ફળસ્વરૂપે સરકાર પણ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીને ગુજરાતી વિભાગ આપવા સંમત થઈ છે અને રાજય સરકાર દ્વારા કુલપતિ ડૉ. દક્ષેશ ઠાકરને લેખીતમાં ભલામણ કરી દેવામાં આવી છે. કુલપતિ ડૉ. દક્ષેશ ઠાકરે વધુમા જણાવ્યું હતું કે, આ મંજુરી મળતાં જ અમને નવા વર્ષની ભેટ સરકાર દ્વારા આપવામાં આવી છે. અમે તાત્કાલીક દાતાઓ શોધી નવા ગુજરાતી ભવનનું નિર્માણ કરાવીશું અને નવા સત્રથી જ આ વિભાગ શરૂ થાય તેવી તૈયારીઓ આરંભી દેશું. જે માટે લગભગ ૨ કરોડ જેટલો ખર્ચ થશે. આ વિભાગમાં ૬૦ વિદ્યાર્થીઓને પ્રવેશ અપાશે. એક પ્રોફેસર, ૨

રીડર, ૩ લેકચરરની તત્કાલિક ભરતી માટે જાહેરાત બહાર પાડવામાં આવશે. સાથોસાથ આ વિભાગમાં અલાયદી લાઈબ્રેરી બનાવવામાં આવશે. જેમાં સાહિત્યકારોનાં ભવ્ય પુસ્તકો વિદ્યાર્થી માટે મુકાશે.

## ગુજરાતી ભવનદાન



તાજેતરમાં ગુજરાત સરકાર દ્વારા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીને ગુજરાતી વિષયનો અલગ દરજજો આપવામાં આવેલ છે. ભરથાણા, વેસુ(સુરત)ના અગ્રણી ખેડૂત આગેવાન શ્રી હિતેશભાઈ દુર્લભભાઈ પટેલ તથા શ્રી સોમાભાઈ રામજીભાઈ પટેલ અને મણીકુંજ પરિવારજનો તરફથી ગુજરાતી ભવન માટે રૂ. ૨ કરોડનું માતબર દાન વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીને આપવાની વિધિવત જાહેરાત કરવામાં આવી હોવાનું કુલપતિ શ્રી ડૉ. દક્ષેશ ઠાકરે જણાવ્યું હતું. ડૉ. દક્ષેશ ઠાકરના કુલપતિ બન્યાના ચાર માસમાં જ યુનિવર્સિટીને આ માતબર રકમનું દાન પ્રાપ્ત થયું છે. ડૉ. એ.જી. મહેતા, પી.ટી. સાયન્સ કોલેજના ભૂતપૂર્વ આચાર્યશ્રી તથા હાલ ઉધના એકેડેમી એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત કોલેજોના આચાર્યશ્રીના માધ્યમથી યુનિવર્સિટીને આ દાન પ્રાપ્ત થયું છે. આ દાન દ્વારા બંધાનાર ભવન ફકત બાંધકામ માટે જ નહીં પરંતુ એમાં સતત સાહિત્યિક તથા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ જેવી કે કવિ સંમેલન, સુગમ સંગીતના કાર્યક્રમો, વિદ્વાનોના વ્યાખ્યાનો, નૃત્ય-નાટક વિગેરે પ્રતિવર્ષ થતા રહેવા જોઈએ. ઉપરાંત સુંદર લાઈબ્રેરી અને ગુજરાતી સાહિત્યકારોના ફોટોગ્રાફસ, હસ્તપ્રતો વિગેરે પણ ત્યાં મુકાય એવી વ્યવસ્થા ઉભી થાય તેવી લાગણી દાતાશ્રી હિતેશભાઈ પટેલે વ્યકત કરી હતી. આ પ્રસંગે રજીસ્ટ્રારશ્રી, સિન્ડીકેટ સભ્યશ્રીઓ તથા આચાર્યશ્રીઓ ઉપસ્થિત રહયા હતાં.

## MoU



વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીએ શિક્ષણ અને સંશોધનના નૂતન આયામો સર કરવા જાપાનની કાગોશીમા યુનિવર્સિટી સાતે દ્વિપક્ષી કરારો કર્યા છે. આ કરારથી શિક્ષક વિદ્યાર્થી અને સંશોધકો પરસ્પર જ્ઞાનનું આદાન પ્રદાન કરી શકાશે. યુનિવર્સિટીમાં શિક્ષણ અને સંશોધનની પ્રક્રિયાએ વેગ પકડયો છે. કુલપતિ ડૉ. દક્ષેશ ઠાકર તથા જાપાનની કાગોશીમા યુનિવર્સિટીની ગ્રેજયુએટ સ્કુલ ઓફ સાયન્સ એન્ડ એન્જિનીયરીંગના પ્રોફેસર કોડાકાવા વચ્ચે એકેડેમીક એક્ષચેન્જ કરાર ઉપર હસ્તાક્ષર કરાયા છે. આ પ્રસંગે સાયન્સ ફેકલ્ટીના ડીન પ્રા. ડૉ. પંકજ ગદિયા, કેમેસ્ટ્રી ડિપાર્ટમેન્ટના પ્રોફેસર ડૉ. પી. બહાદુર તથા અધ્યાપક મંડળના આગેવાન પ્રા. ડૉ. કે.સી. પટેલ ઉપસ્થિત રહયા હતા. આ અંગે વધુ વિગતો આપતા કુલપતિ ડૉ. ઠાકરે જણાવ્યું હતું કે યુનિવર્સિટીના કમેસ્ટ્રી, બાયોલોજી તથા એકેડેમિક એક્ષચેન્જ પ્રોગ્રામ અંતર્ગત જાપાનની કાગોશીમાં યુનિવર્સિટી સાથે જોડી દેવાયા છે. આ કરારથી યુનિવર્સિટીમાં શિક્ષણ તથા સંશોધનની પ્રવૃત્તિને ઉત્તેજન મળશે. ખાસ કરીને કેમેસ્ટ્રી, બાયો સાયન્સ તથા એકવેટિક બાયોલોજી વિભાગના રિસર્ચ સ્કોલરને ફાયદો થશે. ઉકત વિભાગના શિક્ષકો તથા વિદ્યાર્થીઓ ટૂંકા અને લાંબાગાળાના પ્રોજેકટ ઉપર કાર્ય કરવા ત્યાં જઈ શકશે. ત્યાં રહેવા જમવાની તમામ વ્યવસ્થા કાગોશીમા યુનિવર્સિટી તરફથી કરાશે. તેવી જ રીતે શિક્ષકોને હવાઈ યાત્રાનું ભાડુ યુજીસી અથવા યુનિવર્સિટી તરફથી કરાશે. શિક્ષક તજજ્ઞો પરસ્પર આવનજાવન કરી શકશે. વહીવટી પાંખના ઉચ્ચાધિકારીઓ પણ ત્યાંની યુનિવર્સિટીના વહીવટની પ્રક્રિયા અને પધ્ધતિનો તાગ મેળવી શકશે. બંને યુનિવર્સિટી સંયુકત રીતે રિસર્ચ વર્કમાં કોલોબ્રેશન કરી શકશે તેવી જ રીતે માહિતી પ્રચુર શૈક્ષણિક પ્રકાશનો પણ બહાર પાડી શકશે. આ કરારથી સંશોધનના નવા ખ્યાલો અને આધુનિક પધ્ધતિઓના દ્વાર ખૂલશે. ખાસ કરીને દક્ષિણ ગુજરાતમાં ટગલેબંધ દવા અને રંગ રસાયણોની કંપનીઓ છે. જેમાં કેમેસ્ટ્રી ડિપાર્ટમેન્ટને ફાયદો થશે.

દક્ષિણ ગુજરાતમાં સમુદ્રી તટ વિસ્તાર પણ વિશાળ અને લાંબો છે. તેવા સંજોગોમાં યુનિવર્સિટી પાસે નવલા નઝરાણા જેવો એકવેટિક બાયોલોજી વિભાગ પણ જાપાનના સહકારથી દરિયો ખૂંદી શકશે. આગામી જૂન ૨૦૧૨ થી આ કરાર અમલી બનશે.

## M.Phil - Admission

The Veer Narmad South Gujarat University invites application in prescribed form for the 'Entrance Test' of M. Phil. Programme in the Faculties of Arts, Science, Commerce, Management, Education and Rural Studies. The Application forms will be accepted on or before 22/12/2011 at 4:00 pm during working hours at the Postgraduate Section (Room No.-121) Forms are available at Account Section of the University, against the payment of Rs.50/- only by cash or through DD in favour of "Registrar Veer Narmad South Gujarat University" or a form can also be downloaded from the web site of the University, which can be submitted along with a DD of Rs.50/-. P.S. – For eligibility and relevant details, log on to University web site: www.vnsgu.ac.in

## વ્યાખ્યાન




કેન્દ્ર સરકારના ડી.આઈ.ટી. અને એમ.સી.આઈ.ટી. પ્રોજેકટ અંતર્ગત ઈન્ડિયન ઈન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજી, મુંબઈ ખાતે યોજાનાર દૃઢા આઈનૂપ ફેમીલેરાઈઝેશન વર્કશોપ ઓન નેનો ફેબ્રીકેશન ટેકનોલોજીમાં ભૌતિકશાસ્ત્ર વિભાગનાં અધ્યક્ષ અને પ્રોફેસર કિશોરકુમાર સી. પોરીયાની પસંદગી થયેલ છે. આ વર્કશોપ આઈ.આઈ.ટી. મુંબઈમાં આવેલ સેન્ટર ઓફ એકસેલેન્સ ઈન નેનો ઈલેકટ્રોનિકસ ખાતે ૩૦ નવેમ્બરથી ૦૪ ડિસેમ્બર, ૨૦૧૧ દરમ્યાન યોજાશે.

## પુસ્તક મેળો




યુનિવર્સિટી ગ્રંથાલયના ઉપક્રમે યુનિવર્સિટીના માનવ સંસાધન વિભાગમાં તા. ૧૭ અને ૧૮ નવેમ્બર ૨૦૧૧ દરમ્યાન પુસ્તક મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકરના અધ્યક્ષસ્થાને અને કુલસચિવશ્રી પ્રા. જે.આર. મહેતા અને યુનિવર્સિટીના વિવિધ વિભાગના અધ્યક્ષશ્રીઓ તથા અધ્યાપકોની ઉપસ્થિતિમાં આ પુસ્તક મેળાનું ઉદ્‌ઘાટન સુરતના મેયરશ્રી રાજુભાઈ દેસાઈએ તા. ૧૭-૧૧-૨૦૧૧ના રોજ સવારે ૯-૩૦ કલાકે કર્યું હતું.આ પુસ્તક મેળામાં ગુજરાતના જુદા જુદા પુસ્તક વિક્રેતાઓએ વિવિધ પ્રકાશનોનું પ્રદર્શન કર્યું હતું. આ પુસ્તક મેળામાંથી કુલપતિશ્રી, યુનિવર્સિટીના વિવિધ અનુસ્નાતક વિભાગના અધ્યક્ષશ્રીઓ તેમજ અધ્યાપકોએ યુનિવર્સિટી ગ્રંથાલય માટે અંદાજિત ૧૨ લાખ ઉપરાંતના પુસ્તકોની પસંદગી કરી હતી. આ પુસ્તક મેળાનું આયોજન કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકર અને કુલસચિવશ્રી પ્રા. જે.આર. મહેતાના માર્ગદર્શન તળે માનવ સંસાધન વિભાગના વડા પ્રો. ડૉ. કિરણ પંડયા અને મદદનીશ ગ્રંથપાલશ્રી બી.જે. અંકુયા દ્વારા કરવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે યુનિવર્સિટી દ્વારા સૌપ્રથમવાર પુસ્તક મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું જેને સફળતા સાંપડી હતી.



# કૉલેજ ન્યૂઝ

## વ્યાખ્યાન

- નવયુગ કોમર્સ કોલેજ, સુરતમાં પ્રિ. શ્રી જે.એમ. નાયકના પ્રયાસથી સ્મીમેર હોસ્પિટલના ડૉ. મનીષાબેન શાસ્ત્રીએ "ભારતમાં ચક્ષુદાનનું મહત્વ" વિષય ઉપર વ્યાખ્યાન આપ્યું હતું. જેમાં તેમણે નેત્રરોગ અને ચક્ષુદાન વિષે ઉપયોગી માહિતી આપી હતી. સ્મીમેર કોલેજ તરફથી તા. ૨૬-૮-૧૧ના રોજ નવયુગ કોમર્સ કોલેજ, સુરત ખાતે ચક્ષુદાન સંબંધિત પોસ્ટર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રથમ-અવિનાશ એસ. મગરે, દ્વિતિય-કિંજલ એમ. કસવાલા અને તૃતીય-શ્રધ્ધા આર. કાવઠિયા વિજેતા રહયા હતા. સ્પર્ધાના નિર્ણાયક તરીકે સ્મીમેર કોલેજના ડૉ. તેજવાણી અને નવયુગ કોમર્સ કોલેજ, સુરતના પ્રા. બી.ડી. ભકતાએ સેવા આપી હતી.
- એમિટી બી.એડ્. કોલેજ, ભરૂચમાં તા. ૨૦-૧૦-૧૧ના રોજ 'અસરકારક પ્રત્યાયન' વિષય પર જે.પી. આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, ભરૂચના પ્રાધ્યાપિકા શ્રીમતી મિનળબેન દવેનું વ્યાખ્યાન યોજાયું હતું. જેમાં તેમણે વર્ગખંડમાં જરૂરી પ્રત્યાયનની અસરકારકતા જણાવી હતી.
- તા. ૧૫-૧૦-૧૧ના રોજ ઉધના એકેડેમી એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત, ઉધના એકેડેમી કોલેજ ઓફ કમ્પ્યૂટર એપ્લીકેશન એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજીમાં "એડવાન્સ ડેટા સ્ટ્રકચર" વિષય પર ડિપાર્ટમેન્ટ ઓફ કમ્પ્યુટર સાયન્સ (વી.એન.એસ.જી.યુ., સુરત)નાં પ્રો. ડૉ. રવિ ગુલાટીએ વ્યાખ્યાન રજૂ કરીને વિદ્યાર્થીઓ અને શિક્ષકમિત્રોને જાણકારી તથા માર્ગદર્શન પુરૂ પાડયું હતું. આ સમિનારમાં લગભગ ૧૬૦ જેટલા વિદ્યાર્થીઓ અને શિક્ષકમિત્રોએ ભાગ લીધો હતો. તદ્‌પરાંત તા. ૧૮-૧૦-૧૧ના રોજ ASP, Net ૪.૦ વિષય પર ટોપ્સ ટેકનોલોજી, સુરતના શ્રી અભિષેક બેન્દ્રે તથા શ્રી રમીઝ ખાને વ્યાખ્યાન આપ્યું હતું. જેમાં ૮૦ જેટલા વિદ્યાર્થી અધ્યાપકોએ ભાગ લીધો.
- શ્રીમતી જી.એન. પંડયા બી.એડ્. કોલેજ, ભેસ્તાનમાં વી.ટી.ચોકસી સાર્વજનિક કોલેજ ઓફ એજ્યુકેશન, સુરતના ડૉ. કિશોરસિંહ વી. દેસાઈએ "ત્રિ-પરિમાણદર્શક કોઠો" વિષય પર વકતવ્ય રજૂ કર્યું હતું.



- એ.વી. પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરામાં સ્વર્ણિમ ગુજરાત નાટ્યધારા અન્વયે ૧-૧૦-૧૧ના રોજ ડૉ. ભરતભાઈ છીમ્પીનું 'નાટકના વિવિધ પાસા અને પ્રસ્તુતિ" વિષય પર અને કોલેજની સ્ટુડન્ટસ કાઉન્સિલની ડિબેટ કમિટિના ઉપક્રમે આંતર કોલેજ વિસ્તરણ વ્યાખ્યાનમાળા અંતર્ગત ૭-૧૦-૧૧ના રોજ બી.પી. બારીયા સાયન્સ કોલેજ, નવસારીના પ્રા. કીર્તિદાબેન વૈદ્યનું 'પગને તળિયે જેમ જાળવીએ' વિષય પર વ્યાખ્યાન યોજાઈ ગયું. તદ્‌પરાંત 'મને ગમતું પુસ્તક' વાર્તાલાપ તા. ૨૦-૧૦-૧૧ના રોજ યોજાઈ ગયો. જેમાં ત્રણ વિદ્યાર્થીઓ અને અધ્યાપકોએ વિચારો રજુ કર્યા હતા.

## સ્પર્ધા

- બી.જે. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, બારડોલીમાં દિવાળી પર્વ નિમિત્તે યોજાયેલ રંગોળી સ્પર્ધામાં પ્રથમ-શીતલબેન રાવલ, દ્વિતીય-ફાલ્ગુની પાનવાલા, સર્જનાત્મક સ્પર્ધામાં પ્રથમ-અલ્પા માહયાવંશી, દ્વિતીય-કૃતિકા પટેલ વિજેતા રહયા હતા.
- સ્વામી નારાયણસ્વરૂપ બી.એડ્. કોલેજ, અંકલેશ્વરમાં રંગોળી અને દિવાળી કાર્ડ મેકિંગ સ્પર્ધાનું આયોજન કરાયું હતું. રંગોળી સ્પર્ધામાં પ્રથમ-પટેલ રીંકુ, દ્વિતીય-રેવણે નમ્રતા, અને વસાવા કલ્પના, તૃતીય-પટેલ નિરાલી રહયા હતા. જયારે કાર્ડમેકિંગ સ્પર્ધામાં પ્રથમ-મન્સુરી આશિયાબાનું, દ્વિતીય-કાઝી ઈફસાનાબાનું અને તૃતીય-શેખ ફરઝાના રહયા હતા. રંગોળી સ્પર્ધાના નિર્ણાયકની ભૂમિકા પ્રા. કણસાગરા મિત્તલબેન અને પરમાર વાસંતીબેને ભજવી હતી. અને કાર્ડમેકિંગમાં નિર્ણાયક તરીકેની ભૂમિકા ઈ.ચા. આચાર્ય કૃણાલભાઈ પંચાલ અને પ્રા. દેવધા સુરેશભાઈએ ભજવી હતી.

શ્રીમતી જી.એન. પંડયા બી.એડ્. કોલેજ, ભેસ્તાનમાં દિવાળી નિમિત્તે રંગોળી, દિવાળી કાર્ડ, દીવડા શણગાર તથા વેસ્ટમાંથી બેસ્ટ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દીવડા શણગાર સ્પર્ધામાં પ્રથમ-ભટનાગર કાનન, દ્વિતીય-સોલંકી નિશા અને તૃતીય-દેસાઈ ધારા રહયા હતા. દીવાળી કાર્ડ સ્પર્ધામાં પ્રથમ-દેસાઈ ધારા, દ્વિતીય-પડસારા દમયંતી તથા પાડવી મિનાક્ષી તથા તૃતીય-પટેલ વંદના વિજેતા થયા હતા. વેસ્ટમાંથી બેસ્ટ સ્પર્ધામાં પ્રથમ-મોરકર બિનલ તથા પાડવી મિનાક્ષી રહયા હતા. રંગોળી સ્પર્ધામાં પ્રથમ-પટેલ અર્ચના એન્ડ ગૃપ તથા પાટીલ શુભાંગી એન્ડ ગૃપ અને દ્વિતીય-રાણા પ્રિયંકા એન્ડ ગૃપ તથા ગાંધી કૃતિ એન્ડ ગૃપ વિજેતા થયા હતા.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની પ્રથમ વાર આર્ચરી અને રાયફલ શુટીંગની સ્પર્ધા વી.એસ. પટેલ કોલેજ, બીલીમોરામાં યોજાઈ. સ્પર્ધાના ઉદ્‌ઘાટન પ્રસંગે સિન્ડિકેટ સભ્યશ્રી ડૉ. ઘનશ્યામ રાવલે કહયું કે નસીબ ખોલવાની ચાવી આપણા હાથમાં છે. મંડળના પ્રમુખશ્રી નૌશીરભાઈ બધનીએ પ્રસંગને અનુરૂપ આશીર્વચન આપ્યા હતા. અતિથિ વિશેષશ્રી યુનિવર્સિટી બોર્ડ ઓફ સ્પોર્ટસના અધ્યક્ષશ્રી વિનોદભાઈ પટેલે જણાવ્યું કે આ રમતો સૌ પ્રથમવાર રમાઈ રહી છે. અને તેનું આયોજન વી.એસ. પટેલ કોલેજે કર્યું તે બદલ તે અભિનંદનને પાત્ર છે. આચાર્યશ્રી ડૉ. એમ.એન.વશીએ સૌને હૃદયથી આવકાર આપ્યો હતો. અને કહયું હતું કે અમારી કોલેજ માટે



રોજ વિશિષ્ટ દિવસ હોય છે. અને આ ત્રણેય ટુર્નામેન્ટ સૌ પ્રથમવાર અમારી કોલેજમાં થાય છે. આ સ્પર્ધાઓમાં યુનિવર્સિટીના ૨૦૦ ખેલાડીઓએ ભાગ લીધો. પરિણામ : રાયફલ શુટીંગ -ભાઈઓ - (૧) પટેલ શશાંક કે. (ઈવનીંગ કોલેજ, સુરત), (૨) ચુડાસમા અશ્વિન જે. (સાયન્સ, કોમર્સ એન્ડ આર્ટસ કોલેજ, ખોલવાડ), (૩) આહિર ગીરીશ ડી. (સાયન્સ, કોમર્સ એન્ડ આર્ટસ કોલેજ, ખોલવાડ). રાયફલ શુટીંગ - બહેનો - (૧) કાબરા રુચિતા એન. (ઈવનીંગ કોલેજ, સુરત), (૨) કડિયા વૈશાખા આર. (ઈવનીંગ કોલેજ, સુરત), (૩) દાની ચૈતાલી એસ. (વી.એસ.પી.સી. બીલીમોરા). પિસ્તોલ શુટીંગ-બહેનો - (૧) ચેવલી તૃપ્તી યું (સી.બી. પટેલ કોમ્પ્યુટર, ભરથાણા), (૨) પંડયા પદ્મીની યું (પી.ટી. સાયન્સ કોલેજ, સુરત), (૩) ઘનાની સુધા ડી. (એમ.ટી.બી. કોલેજ, સુરત). પિસ્તોલ શુટીંગ-ભાઈઓ - (૧) સીંગ દીપેન્દ્ર પ્રતાપ ડી. (આર્ટસ કોમર્સ કોલેજ, અમરોલી), (૨) કટારીયા દિલીપ આર. (સાયન્સ કોમર્સ એન્ડ આર્ટસ કોલેજ, ખોલવાડ), (૩) મેકવાના યકીન. એસ (સાયન્સ કોમર્સ એન્ડ આર્ટસ કોલેજ, ખોલવાડ). ચેમ્પીયન : કે.પી. કોમર્સ કોલેજ, સુરત, રનર્સ અપટીમ : આર્ટસ સાયન્સ એન્ડ આર્ટસ કોલેજ, ખોલવાડ. આર્ચરી સ્પર્ધા : ૩૦ મીટર ભાઈઓ - (૧) રાજપુત જીતેન્દ્ર એલ. (વી.એસ. પટેલ કોલેજ, બીલીમોરા), (૨) ધોલકા ઘરલું કે. (આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ધરમપુર), (૩) આહિર હિતેન એન. (જે.પી. કોમર્સ કોલેજ, વલસાડ). ૫૦ મીટર ભાઈઓ - (૧) આહિર ગીરીશ ડી. (સાયન્સ કોમર્સ એન્ડ આર્ટસ કોલેજ, ખોલવાડ), (૨) ધોલકા ઘરલું કે. (આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ધરમપુર), (૩) પટેલ શ્યામ એસ. (આર્ટસ કોલેજ, ચીખલી). ૩૦ મીટર બહેનો : (૧) શેટા પ્રિતી કે. (આર્ટસ કોમર્સ કોલેજ, અમરોલી), (૨) પટેલ સારિકા પી. (વી.એસ. પટેલ કોલેજ, બીલીમોરા), (૩) પટેલ ધર્મિષ્ઠા એસ. (વી.એસ. પટેલ કોલેજ, બીલીમોરા). ચેમ્પીયન ટીમ - ભાઈઓ - (૧) વી.એસ. પટેલ, કોલેજ, બીલીમોરા, (૨) આર્ટસ કોમર્સ કોલેજ, ધરમપુર. ચેમ્પીયન ટીમ-બહેનો - (૧) જે.ઝેડ. આર્ટસ કોમર્સ કોલેજ, અમરોલી, (૨) વી.એસ. પટેલ કોલેજ, બીલીમોરા.

ઈનામ વિતરણ સમારંભમાં કે મંડળના વાઈસ ચેરમેન શ્રી બાબુભાઈ આર. પટેલ અને નટુભાઈ કેવટ તેમજ બુધુભાઈ ભંડારીએ હાજર રહી ખેલાડીઓ અને આયોજકોને અભિનંદન આપ્યા હતા.



જે.પી. પારડીવાલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, કિલ્લા-પારડીના એફ.વાય.બી.એ.ના યાદવ વિજય ગામાભાઈની વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની કબડ્ડી ભાઈઓની ટીમમાં પસંદગી પામેલ છે.



વી.એસ. પટેલ કોલેજ, બીલીમોરાના પ્રા. મોહનભાઈ પટેલે ગુજરાત રાજય માસ્ટર એથ્લેટીકસ ચેમ્પિયનશિપ, બરોડામાં યોજાયેલ. જેમાં ૫ કિલોમીટર જીલદચાલમાં ગોલ્ડ મેડલ, ૮૦૦ મીટર દોડમાં ગોલ્ડ મેડલ અને ૧૫૦૦ મીટર દોડમાં સીલ્વર મેડલ મેળવ્યો છે. અને બેંગ્લોર મુકામે નેશનલ ચેમ્પિયનશિપ માટે પસંદ થયેલ છે.

નવયુગ કોમર્સ કોલેજ, સુરતમાં તા. ૩૦-૯-૨૦૧૧ના રોજ સપ્તધારા હેઠળ જીલ્લા કક્ષાની ગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં સુરત જીલ્લાની વિવિધ કોલેજોમાંથી ૨૧ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. સ્પર્ધાનું ઉદ્‌ઘાટન ઝોનલ કો.ઓર્ડિનેટર પ્રિ. અશોકભાઈ દેસાઈએ કર્યું હતું. આ સ્પર્ધાના નિર્ણાયકો તરીકે શ્રીમતી કૌસ્તુભાબેન ખાન અને શ્રીમતી અવનીંદ્રાબેન દીક્ષિતે સેવા આપી હતી. આ સ્પર્ધાના વિજેતાઓ નીચે પ્રમાણે છે. પ્રથમ ઈનામ : કુ. શ્રધ્ધા હરીશભાઈ પંડયા (વી.ટી.ચોકસી સાર્વજનિક કોલેજ ઓફ એજયુકેશન), દ્વિતીય ઈનામ : સરખે હિસ્સે - (અ) કુ. પ્રજ્ઞા ઈશ્વરભાઈ ચૌધરી (બી.બી. અવિચળ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, માંડવી), (બ) કુ. મિતાલી નાયક (એસ.પી.બી. ઈંગ્લીશ મીડીયમ કોલેજ ઓફ કોમર્સ), તૃતીય ઈનામ : ક. અવનિ ડી. કૂમકિયા (સર પી.ટી. સાર્વજનિક કોલેજ ઓફ સાયન્સ) દરેક સ્પર્ધકોને સ્પર્ધામાં ભાગ લેવા બદલ પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. સ્પર્ધાનું સંચાલન પ્રા. ઉષા સીગી અને પ્રા. પૂર્ણિમા શાહે કર્યું હતું.

શ્રી પી. એચ. ઉમરાવ કોલેજ ઓફ આર્ટ્સ-કોમર્સ, કીમ ખાતે યુનિવર્સિટી સંલગ્ન કોલેજની આંતર કોલેજ કબડ્ડી (ભાઈઓ)ની ઈન્ટર ઝોન ટૂર્નામેન્ટ યોજાઈ ગઈ હતી. આ ટૂર્નામેન્ટમાં આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, વ્યારાની ટીમ ચેમ્પીયન અને આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, કિલ્લા પારડીની ટીમ રનર્સઅપ બની હતી. ટૂર્નામેન્ટના ઉદ્‌ઘાટન પ્રસંગે યુનિવર્સિટીના બોર્ડ ઓફ સ્પોર્ટસના ચેરમેન પ્રિ. ડૉ. વિનોદ પટેલ, સિન્ડિકેટ સભ્ય પ્રા. કિરીટસિંહ

વાંસદિયા, કીમ ગામના સરપંચ શ્રી સન્મુખભાઈ ઢીમર, કીમ ગામ પંચાયતના સભ્યો, કીમ એજયુકેશન સોસાયટીના હોદ્દેદારો ઉપસ્થિત રહયા હતા. કાર્યક્રમનું સંચાલન કોલેજની વિદ્યાર્થિની કુ.સાહિન પઠાણે કર્યું હતું. જયારે આભાર વિધિ પ્રા. મિહિર ઉપાધ્યાયે કરી હતી. ટૂર્નામેન્ટને સફળ બનાવવા શા.શિ.ના વ્યાખ્યાતા પ્રા. કેતન નિઝામા સહિત શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓએ ભારે જહેમત ઉઠાવી હતી.

તા. ૧-૧૦-૧૧ના રોજ બીલીમોરા ખાતે યુનિવર્સિટી ઈન્ટર કોલેજ રાઈફલ શુટીંગ (૧૭૭ એન્ડ ૧૦ મીટર) યોજાઈ ગઈ. જેમાં ભાઈઓ વિભાગમાં ઈવનીંગ કોલેજ, સુરત ચેમ્પીયન થઈ હતી. કોલેજ ત્રણ ખેલાડીઓ કડીયા વૈશીકા, કાબરા રુચિતા, પટેલ શશાંક યુનિવર્સિટી ટીમમાં પસંદગી પામ્યા અને હવે આ ખેલાડીઓ જીવાજી યુનિવર્સિટી, ગ્વાલીયર મુકામે યુનિવર્સિટી ટીમનું પ્રતિનિધિત્વ કરશે તમામ ખેલાડીઓને પ્રશિક્ષણ ઈન્ટરનેશન ખેલાડી ઉમેશ ચેવીએ આપ્યું હતું, અને મેનેજરમાં શારીરિક શિક્ષણના પ્રા. અમિત પટેલ રહયા હતા.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરત, દ્વારા આંતર કોલેજ સ્પર્ધા અંતર્ગત સાયકલીંગ સ્પર્ધાનું આયોજન વી.એસ. પટેલ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, બીલીમોરા દ્વારા કરવામાં આવ્યું હતું. જમાં પારડી કોલેજના ૪ ખેલાડીઓએ ભાગ લઈને રનરઅપ બન્યા હતા. ત્યારબાદ આંતર કોલેજ B/D ઝોન કબડ્ડી (ભાઈઓ) સ્પર્ધાનું આયોજન શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડ મુકામે કરવામાં આવ્યું હતું. જેમાં પારડી કોલેજ રનરઅપ બની હતી. ત્યારબાદ આંતર ઝોન A/C અને B/D કબડ્ડી (ભાઈઓ) સ્પર્ધાનું આયોજન આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, કીમ મુકામે કરવામાં આવ્યું હતું. કોલેજ રનરઅપ બની હતી.

## એન.એસ.એસ.



તા. ૧૭-૧૦-૧૧ થી તા. ૨૩-૧૦-૧૧ દરમ્યાન એમ.કે. કોલેજ ઓફ કોમર્સ, ભરૂચ દ્વારા એક વિશેષ એન.એસ.એસ. શિબિરનું આયોજન સમની પ્રાથમિક મિશ્ર શાળા મુકામે કરવામાં આવ્યું હતું. શિબિર દરમ્યાન ગ્રામ સફાઈ, વૃક્ષ રંગરોગાન, એઈડ્સ અવેરનેસ રેલી, વ્યસન મુકિત, બ્લડ ડોનેશન, અંગે રેલી, યોગ પ્રશિક્ષણ વગેરે કાર્યોનું આયોજન કરવામાં આવ્યું હતું. બ્લડ ડોનેશનમાં ટોટલ ૩૮ યુનિટ સ્વયંસેવકો દ્વારા રકતદાન કરવામાં આવ્યું હતું. બેટી બચાવો અભિયાન અને બેટી વધાવો અભિયાન અંગે પણ સર્વે કરવામાં આવ્યો હતો. શિબિર દરમ્યાન સ્વયંસેવકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

જે.ઝેડ. શાહ આર્ટ્સ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીનો ગોથાણ ગ્રામ પંચાયતના સંયુકત ઉપક્રમે રાષ્ટ્રીય સેવા સંઘનો શિબિર યોજવામાં આવી. શિબિરના ઉદ્દઘાટન પ્રસંગે આચાર્યશ્રી ડૉ. કે.એન. ચાવડાએ એન.એસ.એસ. કેમ્પની મહત્તા સમજાવતા કહયું હતું કે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના જન્મ શતાબ્દી વર્ષ ૧૯૬૯-૭૦ રાષ્ટ્રીય ઉજવણી સંગે ભારત સરકારના માનવ સંશાધન વિકાસ મંત્રાલય દ્વારા સમગ્ર ભારતમાં યુનિવર્સિટી શિક્ષણ લેતા યુવાધન માટે તેમનામાં રહેલી શકિતને સામાજિક ઉત્થાનના માર્ગે વળવા આ એન.એસ.એસ. પ્રવૃત્તિ શરૂ થઈ છે. શ્રમ યજ્ઞ દ્વારા વિદ્યાર્થીઓનો બૌધ્ધિક વિકાસ થાય છે. આ શિબિરમાં ગામના આગેવાન શ્રી પ્રશાંતભાઈ, કેપ્યેટી સરપંચશ્રી અશ્વિનભાઈ ગજ્જર તથા નગીનભાઈ પટેલ, રોહન પટેલ, નિકુંજભાઈ પટેલ વગેરેએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરીને સહકાર આપી સહભાગી બન્યા હતા. શિબિરમાં બ્રહમાકુમારિઝ ઈશ્વરિય વિશ્વવિદ્યાલયના બી.કે. આરતીબેન, ડૉ. નરેશભાઈ કાપડિયા (કો-ઓર્ડીનેટર, સ્કોપા) ડૉ. અર્જુનભાઈ ગઢવી (કિમ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, કીમ) પ્રિ. ડૉ. દિલિપભાઈ વરસાણી (ધારૂકાવાળા કોલેજ, સુરત) તથા ડૉ. મહેન્દ્રભાઈ ત્રિવેદી (ધારૂકાવાળા કોલેજ, સુરત) વૈવિધ્ય વિષયો ઉપર પ્રવચનો ગોઠવાયેલા. અંતિમ દિને સ્વયંસેવક વિદ્યાર્થીઓ તથા અધ્યાપકશ્રીઓએ રસપ્રેરક, માર્ગદર્શક પ્રતિભાવો આપ્યા હતા. સાંસ્કૃતિક કાર્યક્રમમાં સમગ્ર ગોથાણ ગામે ઉત્સાહભેર ભાગ લઈને ચિ સ્મરણીય શિબિરને બનાવી હતી.

ભારત સરકારના યુવા અને રમત-ગમત મંત્રાલયની એન.એસ.એસ. પ્રાદેશિક કચેરી, અમદાવાદના ઉપક્રમે આર્ટસ-કોમર્સ કોલેજ, વ્યારામાં એન.એસ.એસ.ની દશ દિવસીય પ્રિ. આર.ડી. શિબિર યોજાઈ ગઈ. જેનું ઉદ્દઘાટન વ્યારા નગરપાલિકાના પ્રમુખશ્રી અજયભાઈ શાહના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તેમણે ૨૬ જાન્યુઆરી-૨૦૧૨ના રોજ દિલ્હી ખાતે પ્રજાસત્તાક દિનની ઉજવણી પ્રસંગે આર.ડી. પરેડમાં પસંદગી પામવામાટે સ્વયંસેવકોને શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે શિબિર ડાયરેકટર અને એન.એસ.એસ. પ્રાદેશિક કચેરીના યુથ ઓફિસર અને વડાશ્રી કમલેશકુમાર કરે મહેમાનોને આવકારી પ્રિ. આર.ડી. પરેડ અને આર.ડી. પરેડ અંગેની માહિતી આપી હતી. યુનિવર્સિટીના એન.એસ.એસ. પ્રોગ્રામ કો-ઓર્ડિનેટરશ્રી ડૉ. એ.એન. માલવિયાએ એન.એસ.એસ.ની વિવિધ પ્રવૃત્તિઓ અને રાષ્ટ્રીય વિકાસમાં એન.એસ.એસ.ના મહત્વ વિષે વકતવ્ય આપ્યું હતું. ગુજરાત રાજયના રાષ્ટ્રીય સેવા યોજનાના રાજય સંપર્ક અધિકારી અને સંયુકત શિક્ષણ નિયામક, ઉચ્ચશિક્ષણ કમિશ્નરની કચેરીના ડૉ. નરેશ ફિટરે એન.એસ.એસ. દ્વારા સ્યંવશિસ્ત કેળવી શકાય છે તેનો ખ્યાલ આપી એન.એસ.એસ.ની અગત્યતા સમજાવી હતી. શિબિર દરમ્યાન દૈનિક યોગ, હળવી કસરત, પરેડ, બૌધ્ધિક પ્રવચનો અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. શિબિર દરમ્યાન સ્વયંસેવકો દ્વારા સુપ્રસિધ્ધ સ્થળોની મુલાકાત લેવામાં આવી હતી. ઉદ્દઘાટન કાર્યક્રમની આભારવિધિ પ્રિ. ડૉ. હિતેન્દ્રસિંહ ખરવાસિયાએ કરી હતી.



આ શિબિરમાં ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર, ગોવા, દાદરા નગર હવેલી અને દીવ-દમણના કુલ ૨૧૦ સ્વયંસેવકોએ અને ૧૧ પ્રોગ્રામ ઓફિસરોએ ભાગ લીધો હતો. વેસ્ટ ઝોનની ૨૮ યુનિવર્સિટીઓ અને ૧૨૮ કોલેજો તથા ૭ વિદ્યાલયનોના સ્વ્યંસેવકોએ ભાગ લીધો હતો.

શિબિર દરમ્યાન તાપી જિલ્લાના કલેકટરશ્રી આર.જે. પટેલ, ભારત સરકારના રાજયકક્ષાના મંત્રીશ્રી તુષારભાઈ ચૌધરી, રાજયસભાના સભ્યશ્રી ભરતસિંહ પરમાર, જિલ્લા પોલી, વડાશ્રી શરદ સિંઘલ, યુનિવર્સિટીના કુલસચિવશ્રી પ્રા. જે.આર. મહેતા, વ્યારાના ધારાસભ્યશ્રી પુનાજીભાઈ ગામીત, તાપી જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી માવજીભાઈ ચૌધરી તથા કોલેજ સંચાલક મંડળાના હોદ્દેદારો, વિવિધ કોલેજોના આચાર્યશ્રી અને યુનિવર્સિટીની સિન્ડિકેટ સભાના સભ્યશ્રીઓએ શિબિરની મુલાકાત લઈને શિબિરાર્થીઓને પ્રેરણા અને પ્રોસાહન આપ્યું હતું. શિબિર દરમ્યાન શ્રી તુષારભાઈ ચૌધરીએ શ્રીમતી ઈન્દિરા ગાંધીની પુણ્યતિથિ અને સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતી દિનને રાષ્ટ્રીય સંકલ્પ દિવસ તરીકે ઉજવી શિબરાર્થીઓને સમાજ અને રાષ્ટ્રીય સેવા માટે શિબિરાર્થીઓને સંકલ્પ લેવડાવ્યા હતા.

શિબિરની પૂર્ણાહુતિ સમારોહના મુખ્ય મહેમાન અને કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકરે સતત બીજી વખત વ્યારા કોલેજને પ્રિ. આર. ડી. શિબિરનું યજમાનપદ મેળવવા બદલ કોલેજ પરિવારને અભિનંદન પાઠવી વિવિધ રાજયોમાંથી ઉપસ્થિત યુવાનોને યુનિવર્સિટી વતી આવકારી એન.એસ.એસ.ના માધ્યમથી યુવાનો પોતાને અને સમાજનો સર્વાંગી વિકાસ કઈ રીતે કરી શકે તેનો ખ્યાલ આપી, શિબિર દરમ્યાન જે પણ કંઈ ભાથુ મેળવ્યું છે તેને જીવનમાં ઉતારવા અનુરોધ કર્યો હતો. તદ્પરાંત કુલપતિશ્રી સાંસ્કૃતિક સંધ્યાના કાર્યક્રમમાં પણ ઉપસ્થિત રહયા હતા. પ્રિ. ડૉ. હિતેન્દ્રસિંહ ખરવાસિયા, યુથ ઓફિસરશ્રી કમલકુમાર કરે પ્રાસંગિક ઉદ્બોધન કર્યું હતું. આ પ્રસંગે શિબિરાર્થીઓએ પ્રતિભાવોમાં કોલેજે પૂરી પાડેલી સગવડો અને તાલીમનની પ્રશંસા કરી હતી. શિબિર સંપન્ન કાર્યક્રમની આભારવિધિ ડૉ. એ.એન. માલવિયાએ કરી હતી.



એ.વી. પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરાનો રાષ્ટ્રીય સેવા યોજના શિબિર ગણદેવી તાલુકાના દેવધા ગામે યોજાયો હતો. આ શિબિરમાં કાચા રસ્તાઓનું માટીકામ મરામતકાર્ય, ઝાડી-ઝાંખરાનું સફાઈ કાર્ય, વૃક્ષા રોપણ, યોગ-પ્રાણાયમ શિબિર, રાહતદરે ચશ્મા વિતરણ એઈડ્સ અને થેલેસિમિયા રોગ વિશે માર્ગદર્શન, પ્રેરક વ્યાખ્યાનો, પ્રભાતફેરી, મનોરંજન કાર્યક્રમો જેવી પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી હતી. પ્રો.ઓ.પ્રા. યોગેશભાઈ જે. દેસાઈ તથા પ્રો.ઓ.પ્રા. રજનીકાંત એસ.શેઠ દ્વારા સંચાલિત. આ શિબિરના પૂર્ણાહુતિ સમારંભના પૂર્ણાહકપદે શ્રી મનહરભાઈ પ્રજાપતિ (આચાર્ય, પ્રાથમિક શાળા દેવધા) તથા પ્રમુખપદે શ્રી દિલીપભાઈ નાયક (અગ્રણી કાર્યકર) હતા. અન્ય અતિથિઓ તરીકે પ્રિ. ડૉ. ભારતીબેન પંચોલી, શ્રી ભરતભાઈ નાયક, શૈલેષભાઈ ચાવડા, નિશાન્તભાઈ નાયક, જયકુમાર વશી, પુલકિતભાઈ વશી, અનંતભાઈ વશી ઉપસ્થિત રહયા હતા. પ્રો. ઓ.પ્રા. વાય. જે. દેસાઈએ શિબિર અહેવાલ રજૂ કર્યો હતો. શિબિરાર્થીઓએ પોતાના શિબિર અનુભવો વર્ણવ્યા હતા. કુ.માનસી દેસાઈએ આભારવિધિ આટોપ્યા બાદ રાષ્ટ્રગીતના સમૂહગાન થી સમારંભ સંપન્ન થયો હતો.

રાષ્ટ્રિય સેવા યોજના વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત અને રોફેલ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, વાપીના સંયુકત ઉપક્રમે "State level workshop on NSS and Society" વિશે બે દિવસની કાર્યશાળા ઓકટોબર ૧૨-૧૩, ૨૦૧૧ દરમ્યાન શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, મોહનગઢ ખાતે યોજાઈ ગઈ જેમાં રાષ્ટ્રિય સેવા યોજના અંતર્ગત ચાલતી વિવિધ પ્રવૃત્તિઓ, સંચાલન માટેની રણનીતિ, પર્યાવરણ અને સ્વાસ્થ્ય જાગૃતિ, યુવા અને સમાજ, કાર્યક્રમ સંચાલનમાં લોકભાગીદારી, કુદરતી આફત અને વ્યવસ્થાપન, વોટરશેડ મેનેજમેન્ટ, એન.એસ.એસ. કાર્યક્રમના આયોજનમાં પડતી મુશ્કેલીઓ વગેરે વિષયો પર ચર્ચા થઈ હતી. જેમાં ગુજરાતની નવ યુનિવર્સિટીના પ્રોગ્રામ કો-ઓર્ડિનેટરો તથા ૬૦ પ્રોગ્રામ ઓફિસરો ભેગા મળ્યા હતા. વિવિધ યુનિવર્સિટીમાંથી પસંદગીની કોલેજના પાંચ-છ અનુભવી પ્રોગ્રામ ઓફિસરોને નિમંત્રણ અપાયું હતું. જેમા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન નવ કોલેજ ઓલપાડ, વાપી, જંબુસર, બીલીમોરા, બુહારી, ભરૂચ, વલસાડ, બારડોલી અને ધરમપુર કોલેજના ૧૫ પ્રોગ્રામ ઓફિસરોની પસંદગી થઈ હતી. જેમાં વી.એસ. પટેલ કોલેજના પ્રોગ્રામ ઓફિસરો પ્રા. જયંતભાઈ પટેલ તથા પ્રા. રંજનબેન દેસાઈએ અનુક્રમે 'કેન્દ્ર અને રાજય સરકારની સુખાકારી યોજનાઓમાં એન.એસ.એસ.ની ભાગીદારી' તથા 'સામાજિક વિકાસ અને રાષ્ટ્રિય સંપત્તિના જતનમાં યુવાનોનો ફાળો' વિષય પર પેપર રજુ કર્યા હતા.

## ઊજવણી

બી.જે. પટેલ કોલેજ ઓફ એજયુકેશન, બારડોલીમાં સાહિત્યકાર જયોતિંદ્ર દવેની જન્મજયંતિ નિમિત્તે ગુજરાતી દિવસ તરીકેની ઉજવણી વૈવિધ્યસભર થઈ હતી. જેમાં તાલીમાર્થી મિત્રોએ ભજન, સમૂહગીત, ગરબો, મૂક નાટક, ગઝલ, ગુજરાતી લોકબોલી, જયોતિન્દ્રદવે, નર્મદ, પન્નાલાલ પટેલના જીવન વિશે વકતવ્ય, રાસ, લોકગીત, નાટક જેવી કૃતિઓ રજૂ કરી હતી.

## વાર્તાલાપ

ઉધના એકેડેમી એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત કોમર્સ, બી.બી.એ. તેમજ બી.સી.એ. કોલેજમાં ગ્રંથાલય સમિતિના ઉપક્રમે તા. ૧૯-૧૦-૧૧ના રોજ યોજાયેલ "મને ગમતુ પુસ્તક" વાર્તાલાપમાં ૧૦ વિદ્યાર્થીઓએ ભાગ લઈ પોતાને ગમતા સાહિત્યના શ્રેષ્ઠ પુસ્તકો ઉપર મંતવ્યો રજૂ કર્યા હતા.

## મુલાકાત

શ્રીમતી જી.એન. પંડયા બી.એડ્. કોલેજ, ભેસ્તાનના ઈ.આચાર્યશ્રી, પ્રાધ્યાપકગણ તથા તાલીમાર્થીઓ દ્વારા સામાજિક સેવાર્થે "સુરત ચાઈલ્ડ ઓબ્ઝરવેશન હોમ" ની મુલાકાત લેવામાં આવી હતી. જેમાં બાળકો સાથે આનંદની પળો વિતાવી રમત-ગમતના સાધનોની કીટનું વિતરણ કરીને સંસ્થાએ સામાજિક સેવા તથા સમાજના ઉત્થાનનું ઉદાહરણ પૂરું પાડયું હતું.

## તાલીમ

નવયુગ સાયન્સ કોલેજ, સુરત ખાતે ગુજરાત સરકારની મદદનીશ રોજગાર નિયામકશ્રીની કચેરી, સુરતના સહયોગથી ઈન્ડિયન એરફોર્સ-એરમેન-ગૃપ-Y કેડર અને ઈન્ડિયન નેવીના વર્ગો શરૂ થયા. ઈન્ડિયન એરફોર્સ માટે જુદા જુદા વિષયનિષ્ણાંત શિક્ષકો દ્વારા વેકેશનમાં તા. ૨૮ ઓકટોબરથી ૪ નવેમ્બર દરમિયાન તાલીમ આપવામાં આવી હતી. સફળતાપૂર્વક સાત દિવસના કુલ ૨૮ કલાકની તાલીમ પૂરી કરનાર તાલીમાર્થીઓને સદર પરીક્ષાલક્ષી પુસ્તકો,

દૈનિક ભથ્થું તથા આગામી ૭-૧૧-૧૧ના રોજ એરમેન ભરતીમેળા માટે રાજકોટ-ગુજરાત ખાતે જવા-આવવાની એસ.ટી. બસ કુપન પણ આપવામાં આવી. આચાર્યશ્રી આ માટે મદદનીશ રોજગાર નિયામકશ્રીની કચેરીના ઈન્ચાર્જ ડાયરેકટર શ્રી બી.એન. મોદીએ સહયોગ આપ્યો હતો.

## વિદાય




નવયુગ કોમર્સ કોલેજ, સુરતના આચાર્ય શ્રી જે.એમ. નાયક વય મર્યાદાને કારણે નિવૃત્ત થતાં નિવૃત્તિ વિદાય શુભેચ્છા સમારંભનું આયોજન સ્ટાફ તરફથી કરવામાં આવ્યું હતું. જેમાં વાઈસ ચાન્સેલર શ્રી ડૉ. દક્ષેશભાઈ ઠાકરે અતિથિ વિશેષ પદ શોભાવ્યું હતું. અને આચાર્યશ્રી જે.એમ. નાયકનું શાલ ઓઢાડી સન્માન કર્યું હતું. નવયુગ વિદ્યાભવન ટ્રસ્ટના સેક્રેટરીશ્રી રમેશભાઈ મિસ્ત્રીએ પ્રમુખ સ્થાન શોભાવ્યું હતું. અને આચાર્યશ્રી જે.એમ. નાયકના કાર્યકાળને તેમજ તેઓની કાર્યદક્ષતાના ખૂબ વખાણ કરી તેઓને ઈશ્વર દીર્ઘાયુ બક્ષે તેમજ શેષ જીવન સુખ શાંતિથી વિતાવે એવી પ્રભુ પ્રાર્થના કરી હતી.

# વાચન વિશેષ

## પુસ્તક પરિચય

**સાઈન્ટોલોજી : વિચારો કે મૂલ સિધ્ધાંત**

એલ.એન.હબર્ડ

ડેન્માર્ક: ન્યૂ એરા પબ્લિકેશન્સ, ૨૦૦૯. પૃ. ૨૧૩.

Scientology શબ્દ લેટિન ભાષાનો શબ્દ scio (જાણવું, સંપૂર્ણ અર્થોમાં) અને યુનાની ભાષાનો શબ્દ logos (નું અધ્યયન)થી લેવામાં આવેલ છે. અતઃ સાઈન્ટોલોજી એટલે "તે આત્માનો સ્વયંની સાથે સંબંધ, સૃષ્ટિઓ તથા અન્ય જીવનની સાથેના સંબંધોનું અધ્યયન અને વ્યવહારની પધ્ધતિ છે."

આ પુસ્તકને તેના મૂળ સ્વરૂપમાં જ પ્રસ્તુત કરવામાં આવેલ છે અને સાઈન્ટોલોજીના સંસ્થાપક, એલ.એન. હબર્ડના ધાર્મિક સાહિત્ય અને તેમના કાર્યોનો હિસ્સો છે. તે મનુષ્યની પ્રકૃતિ અને એક દિવ્ય સત્તાના સ્વરૂપમાં મનુષ્યની ક્ષમતાઓ ઉપર કરવામાં આવેલ લેખકનાં નિરીક્ષણ અને શોધકાર્યોનો રિકોર્ડ છે. આ પુસ્તક કોઈપણ લેખક, પ્રકાશક અથવા સાઈન્ટોલોજી ચર્ચ દ્વારા કરવામાં આવેલા દાવાઓનું વિવરણ નથી.

આ પુસ્તકનું અધ્યયન નવીન અને મહત્વપૂર્ણ વિશ્વ ધર્મની શોધમાં વ્યકિતગત યાત્રાનું એક અદ્વિતીય કદમ છે. તદ્પરાંત વિચારકો દ્વારા પચાસ હજાર વર્ષોમાં પ્રાપ્ત કરવામાં આવેલ પરિણામોનો સંક્ષિપ્ત સંગ્રહ છે. જેને લેખકે પોતાનાં પચીસ વર્ષોના શોધકાર્ય દ્વારા સંપન્ન કરેલ છે.

હજારો વર્ષોથી મનુષ્યે સાચા અર્થોમાં "જીવનનો અર્થ" જાણવા માટે શોધ કરી, ગહન ચિંતન કર્યું અને અનુમાન કર્યા છે. પરંતુ સાઈન્ટોલોજી સુધી જઈને તેની શોધ સમાપ્ત થઈ ગઈ. આ ઉત્તર નિર્ધારિત સ્વ-પ્રમાણિત સત્ય પર આધારિત છે-તે ઉત્તર જેની તમને શોધ હતી. એવા ઉત્તર જે અર્થપૂર્ણ હોય. આપણી સામે સાઈન્ટોલોજીના મૂળ સિધ્ધાંતો અને અભ્યાસો ઉપર આધારિત મૂળ પુસ્તક છે જેમાં વર્ણન કરવામાં આવેલ જીવનની પ્રત્યેક બાજુઓ સામેલ છે. જેવી કે : ક્રિયા ચક્ર, જે સ્પષ્ટ કરે છે કે નિરંતર સર્જન, ઉત્તરજીવિતા અને વિનાશની પ્રક્રિયાની પાછળ શું છે ? - એક એવું ચક્ર જે જીવનમાં અનિવાર્ય પ્રતીત થાય છે, પરંતુ તે ફકત આભાસ છે. જીવનની પરિસ્થિતિઓ જેમાં સમગ્ર જીવન અને જીવનધારા સામેલ છે-અને જેના દ્વારા વ્યકિત વાસ્તવમાં સ્વયં સુધી પહોંચી શકે છે. તે આઠ ડાયનેમિકસ જેના આધારે સંપૂર્ણ જીવનને વર્ગીકૃત કરવામાં આવેલ છે અને જેની મદદથી વ્યકિત પોતાના અસ્તિત્વની સમસ્યાઓનું નિરાકરણ કરી શકે છે. એફિનિટી, રિએલિટી અને કમ્યુનિકેશન ત્રિકોણ જે સાચા માનવીય સંબંધોની પૃષ્ઠભૂમિ સ્થિત સિધ્ધાંતોને ઉજાગર કરે છે અને તેની વ્યાખ્યા પ્રસ્તુત કરે છે. મનુષ્યના ભાવ, આત્મા, મન અને શરીરનું વ્યાપક વર્ણન, તેની સંરચના અને પ્રત્યેક વ્યકિતમાં તેનો પારસ્પરિક સંબંધ. આવું કેમ?, જયાં આપણને ઉત્તર મળે છે તેના પ્રશ્નો જે લોકો પૂછે છે. "આ બધું શું થઈ રહયું છે?" અને આપણને ઉત્તરજીવિતા, સુખ તથા સ્વયં જીવન સંબંધિત મૂળભૂત ઉત્તર મળે છે. સાઈન્ટોલોજીની પ્રક્રિયાનો જે જીવનને મુકત કરે છે. જે સ્વયં તમે છો અને આ પુસ્તકની મદદથી, તમે મફત "શીખશો" જ નહીં-તમે આ સિધ્ધાન્તોને સ્વયં માટે શોધશો. કારણ કે આ સાઈન્ટોલોજી છે-તમારુ સ્વયંનું જ્ઞાન

આ ગ્રંથ યુનિવર્સિટી ગ્રંથાલયમાં ઉપલબ્ધ છે.

બી.જે. અંકુયા, ઈન્ચાર્જ યુનિવર્સિટી લાઈબ્રેરિઅન


VNSGU
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY, SURAT

Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat
Tel : +91 - 261 - 222 71 41 - 46 Fax : +91 - 261 - 222 73 12 Visit us at : www.vnsgu.ac.in

Editor : B J Ankuya, Assistant Librarian
Published by : J R Mehta, Registrar
Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat. Tel (0261) 2634179 / 98 25 25 99 11 E-mail : kliksolutions@gmail.com

dakshinayan
UNIVERSITY NEWS LETTER દક્ષિણાયન

Re-Accredited 'B' 2.82 CGPA by NAAC

VNSGU | VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY

This newsletter is also available on the University Library at website www.vnsgulibrary.org

November 2011 | For private circulation only | Vol. 03 - Issue 70

યુનિવર્સિટી જ્યાં સુધી ચાલતી દેશી ભાષાઓની ઉપેક્ષા કરશે ત્યાં સુધી તે ભાષાઓમાં ગૌરવ આવવા સંભવ નથી અને તે વિના એ કેળવવાની નથી અને તે કેળવાયા વિના ખીલવાની નથી. હિંદુસ્તાનમાં યુનિવર્સિટીઓએ માત્ર વિદ્યાના અલંકારગૃહરૂપે ન રહેતાં વિદ્યાને લોકોપયોગી કરી આપવામાં સહાય થવાનું છે, અને આ રીતે દેશના જીવનને સજીવ કરવામાં એક સાધનભૂત જે અર્વાચીન દેશી ભાષાઓની ખિલવણી તે સંબંધી કર્તવ્ય બજાવવાનું છે.

આચાર્ય આનંદશંકર ધ્રુવ

# દીપે અરુણું પરભાત

પ્રિય વાચકમિત્રો,

દ્વિતીય શૈક્ષણિક સત્રનો આરંભ થઈ ગયો છે. તહેવારો અને વહેવારોના દિવસોમાંથી પરવારી દ્વિતીય સત્રના પ્રથમ દિવસથી જ સૌ પોતપોતાના કામમાં ઓતપ્રોત થવા લાગ્યા હશે. પરીક્ષાઓ શરૂ થઈ ચૂકી છે.

આપણી યુનિવર્સિટીની કુંડળીમાં ગુજરાતી વિભાગનો ગ્રહ છેલ્લા ૪૫ વર્ષથી ન્હોતો દેખાતો. ગુજરાતી ભાષાસાહિત્યના અને આપણાં સૌના સદ્‌ભાગ્યે એ ગ્રહ યુનિવર્સિટીના આકાશમાં દેખાયો! સૌના હૈયે આ વાતનો અપાર આનંદ છલકાતો જોવા મળ્યો છે.

ગુજરાત સરકાર અને શિક્ષણ વિભાગ દ્વારા જાણે કે, નવા વર્ષની ભેટ સ્વરૂપે ગુજરાતી વિભાગને અલગ દરજ્જો આપવાની મંજૂરી આપવામાં આવી. જાણે નંદ ઘેર આનંદ ભયો ! ગુજરાતમાં યુનિવર્સિટી હોય અને ગુજરાતી વિભાગ ન હોય ! વળી, યુનિવર્સિટીનું નામ અર્વાચીનોમાં આદ્ય જેમણે ગુજરાતી ભાષાનો પ્રથમ કોશ રચ્યો; ગુજરાતીને ભાષાની પ્રતિષ્ઠા અપાવી; તે સંસ્કૃતિવિધાયક કવિ નર્મદ સાથે જોડાયું હોય અને છતાં એ યુનિવર્સિટીમાં જ ગુજરાતી વિભાગ કાર્યરત્ ન હોય એ બાબત સૌ ગુજરાતીઓને, શબ્દ-સાહિત્ય અને માતૃભાષા પ્રેમીઓને ડંખતી હતી. સુરત-દક્ષિણ ગુજરાતના સાહિત્યકારોએ રીતસર આંદોલન જગાવ્યું હતું. સરકાર તથા શિક્ષણ વિભાગ સુધી લોકલાગણી અને લોકમાગણી પહોંચાડી અને આપણાં સદ્‌ભાગ્યે સ્હેજ પણ વધુ વિલંબ કર્યા વગર ગુજરાતી વિભાગ અલગ દરજ્જાથી શરૂ કરવા માટે લીલી ઝંડી મળી !! હવે આપણે ગૌરવથી ગાઈશું 'મને મળી માતૃભાષા ગુજરાતી'.

સંસ્કૃત સાહિત્યમાં લખાયું છે :

''माता मातृभाषा मातृभूमिश्च
स्वर्गादपि गरीयसि ।''

મતલબ કે, માતા, માતૃભાષા અને માતૃભૂમિ સ્વર્ગથી પણ ચઢિયાતી છે. કવિવર રવીન્દ્રનાથ ટાગોરે માતૃભાષાને માતાના ધાવણ સાથે સરખાવી છે.

જે પ્રજામાં ભાષાભિમાન ન હોય તે પ્રજા સત્ત્વવિહોણી ગણાય. જે સમાજ પોતાની માતૃભાષા ગુમાવે છે તે સમાજ પોતાની સાંસ્કૃતિક વિરાસત પણ ગુમાવે છે. કેમ કે, ભાષા અને સંસ્કૃતિનો, આપણી અસ્મિતાનો સંબંધ અવિભાજ્ય છે-અભિન્ન છે. આપણી સંસ્કૃતિ, આપણી પરંપરાઓ, આપણી વિચારધારા, આપણા રીતરિવાજ, આપણું સાહિત્ય ...આ બધું ત્યારે જ આપણે આપણામાં બરાબર રીતે આત્મસાત્ કરી શકીશું જ્યારે આપણી પાસે આપણી માતૃભાષાનું માધ્યમ હશે. નવી પેઢી ધીમે ધીમે માતૃભાષા ગુજરાતીથી દૂર જઈ રહી હોવાનું ચિત્ર ઉપસી રહ્યું છે. મા-બાપ પણ અંગ્રેજી ભાષાને સ્ટેટસ સિમ્બોલ ગણવા લાગ્યા છે તે ઘણો ચિંતાનો અને ચિંતનનો વિષય છે. માસી વ્હાલી હોવા છતાં માની જગા તે ક્યારેય લઈ ન શકે તે હકીકત નજર અંદાજ કરવા જેવી નથી.

ગુજરાતી ભાષા કૌવતવાળી ભાષા છે. એની પાસે વિશાળ શબ્દભંડોળ છે. પણ માણસનો એ સ્વભાવ રહયો છે કે સુખ તેને સામેના ઘરમાં જ દેખાય છે ! જે આપણું છે, જે આપણી પાસે છે તેનું મૂલ્ય આપણે ઓછું આંકીએ છીએ. વિશ્વ સાથે તાલ મેળવવા માટે અંગ્રેજીની અવહેલના પોસાય તેવી નથી જ નથી પરંતુ માતૃભાષાના ભોગે કદાપિ નહીં. ગુજરાતી ભાષાનો ખોળો ત્યજી દેવાથી સમગ્ર જીવનદ્રષ્ટિ બદલાઈ જવાની શક્યતા રહેલી છે. રતિલાલ બોરીસાગર લખે છે :

''જે સમાજમાં માતૃભાષા નબળી પડે એ સમાજ ધીરે ધીરે કલા અને સાહિત્યથી વિમુખ બને અને એ સમાજનો શતમુખ વિનિપાત થાય.'' તો વળી, કુમારપાળ દેસાઈ લખે છે : ''જો માતૃભાષા ભૂલાતી જશે તો વ્યક્તિનું આંતરસત્ત્વ અને એની ચેતનાનું પ્રાગટ્ય ઝાંખુ પડશે. આલ્બર્ટ આઈનસ્ટાઈને સાપેક્ષતાનો સિદ્ધાંત જર્મન ભાષામાં લખ્યો. એ જ રીતે એરિસ્ટોટલ, પાયથાગોરસ, બટ્રાન્ડ રસેલ અને કાર્લ માર્કસે પણ પોતાના વિચારો માતૃભાષામાં પ્રગટ કર્યા. વિશ્વમાં પ્રબળ પરિવર્તન આણનારા વિચારો બહુધા માતૃભાષામાં પ્રગટ થયા છે. આથી માતૃભાષા એ વ્યક્તિની સર્જનાત્મકતાનું સબળ અને પ્રભાવક વાહન છે.''

ગુજરાતી વિભાગ હવે આપણી યુનિવર્સિટીમાં આરંભાશે. પણ આપણે આટલેથી અટકવાનું નથી, છટકવાનું નથી. ખરેખર તો હવે પછી આપણી જવાબદારી વધે છે. માતૃભાષા ગુજરાતીનું ગૌરવ વધે, ગુજરાતી ભાષા વધારે સમૃદ્ધ થાય, વધારે સંવર્ધન પામે તે માટે મથવું પડશે. યુનિવર્સિટીમાં અને કોલેજોમાં એ માટે એક વાતાવરણ ઊભું કરવું પડશે. ગુજરાતી ભાષા બિચારી-બાપડી નથી. ગુજરાતી ભાષાનું શિક્ષણ કેવળ વ્યવસાય માટે નથી પણ વ્યક્તિત્વ અને અસ્તિત્વને જાળવી રાખવા માટે, સંસ્કૃતિને ય જાળવી રાખવા માટે ય છે.

૩૦ નવેમ્બર, ૨૦૧૧

ડૉ. દક્ષેશ ઠાકર
કુલપતિ